જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૩૦/૦૪/૨૦૨૬ ગુરૂવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૬૦૨/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૧ કેસ કરી, ૩૯ વ્યક્તિઓને ઝડપી, ૧૩૨ લીટર દેશી દારૂ, ૩૧ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ કબજે કર્યો હતો. તેમજ જુગાર ધારા હેઠળ ૦૨ કેસ કરી ૦૨ વ્યક્તિઓને ઝડપી જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ અટકાયતઃ– **સમાચાર યાદી નં.૬૦૩/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૭૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૦૭ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૫ વ્યક્તિઓની અટકાતય કરી હતી.

સોનાની ચેઇન ખેંચી તોડી લઇ ગયાઃ– **સમાચાર યાદી નં.૬૦૪/૨૦૨૬**

વેજલપુરઃ રોમીતભાઇ સ/ઓ શૈલેષકુમાર પંડ્યા (ઉ.વ.૩૩)(રહે.શાંતિનાથ એપાર્ટમેન્ટ વેજલપુર બસ સ્ટેન્ડ સામે વેજલપુર) એ વેજલપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૯/૦૪/૨૦૨૬ સવારના ૫/૩૦ વાગ્યાના સુમારે વેજલપુર જલતરંગ ઢાળ પાસે પોતાનુ એક્ટીવા સ્કુટર ચલાવી પસાર થતા હતા ત્યારે એક સુઝુકી ટુ–વ્હિલર સ્કુટર ઉપર આવેલ બે અજાણ્યા પુરૂષએ ભેગામળી રોમીતભાઇના ગળામા પહેરેલ સોનાની પેન્ડલ સાથેની ચેઇન કિમત રૂપિયા ૧,૨૫,૦૦૦/– મતાની ખેંચી તોડી લઇ નાસી ગયા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એ.કે.દેસાઈ ચલાવે છે.

વાહન ચોરીઃ– **સમાચાર યાદી નં.૬૦૫/૨૦૨૬**

નારોલઃ અલ્પેશકુમાર અમૃતભાઇ પટેલ (રહે.શ્રીનાથ સોસાયટી, બળીયાદેવ મંદીર પાસે, લાંભા) એ તા.૨૩/૦૪/૨૦૨૬ ના રોજ કલાક ૧/૩૦ થી ૬/૩૦ વાગ્યા દરમ્યાન લાંભા મંદીર પાસે આવેલ ગીતા સ્કુલના ગેટ પાસે પાર્ક કરેલ પોતાની મહીંદ્રા સ્કોર્પિઓ કાર નંબર જીજે.૨૭.ઇઇ.૯૯૨૧ કિમત રૂપિયા ૧૩,૦૦,૦૦૦/– અજાણી વ્યક્તિ ચોરી કરી લઇ ગઇ હતી. આ અંગેની ફરીયાદ અલ્પેશકુમાર પટેલ એ તા.૨૯/૦૪/૨૦૨૬ ના રોજ નારોલ પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી આર.પી.રાણા ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી